Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-18, Issue-3, December-2024
www.researchguru.net

# The individual's opinion on development after the abrogation of Articles 370: A study with reference to Samba District (કલમ 370 નાબૂદ થયા પછી વિકાસ પર વ્યક્તિનો અભિપ્રાય: સામ્બા જિલ્લાના સંદર્ભમાં અભ્યાસ)

**Dr. Rekha A. Kaklotar**
**Assistant Professor in Economics,**
**Maniben Nanavati Women's College, Mumbai,**
**Email:kaklotarrekha@gmail.com**

**Abstract**

ભારત સરકારે જમ્મુ કાશ્મીરની કલમ 370 ને રદ કરતો બંધારણીય સુધારો 5 ઓગસ્ટ 2019 ના રોજ કર્યો. જેને લીધે કાશ્મીરને પ્રાપ્ત વિશેષ દરજ્જો દૂર થયો છે. હવે દેશનું બંધારણ અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની જેમ જમ્મુ કાશ્મીરને પણ લાગુ પડશે. જમ્મુ કાશ્મીર કુદરતી સુરક્ષા તથા કુદરતી સૌંદર્યની દ્રષ્ટિએ ભારતનું એક મહત્વનું રાજ્ય છે. પ્રવાસીઓ માટે આકર્ષણનું એક મહત્વનું રાજ્ય છે. 370 કલમ રદ કરવાથી આઝાદી સમયથી ચાલ્યો આવતો કાશ્મીરનો પ્રશ્ન હંમેશને માટે ઉકલી ગયો છે તેમ કહી શકાય. આ કલમ દૂર કરવાથી એવી અપેક્ષા રાખવામાં આવી છે કે અહીં વિકાસના કાર્યોને વેગ મળશે, રોજગારીનું પ્રમાણ વધશે, આતંકવાદી પ્રવૃત્તિનો અંત આવશે તથા ઉદ્યોગકારો રોકાણ કરવા ઉત્સુક બનશે. જમ્મુ કાશ્મીરની 370 મી કલમ દૂર કર્યાને આજે ત્રણ વર્ષ કરતાં વધારે સમય વીતી ગયો છે. આવા સંજોગોમાં આ રાજ્યમાં વિકાસના કાર્યોને ગતિ મળી છે કે નહીં તે જાણવું ખૂબ જરૂરી છે. આ સંશોધન અભ્યાસ 370 કલમ રદ કર્યા ને ત્રણ વર્ષ પછી આ વિસ્તારના આર્થિક સામાજિક પરિવર્તનને ચકાસવા પ્રયત્ન કરે છે. જેના અનુસંધાને આ વિસ્તારના સ્થાનિક લોકો પાસેથી 60 જેટલા નમુનાઓ હાથ ધરવામાં આવ્યા છે. તેમની પાસેથી છેલ્લા ત્રણ વર્ષમાં આ વિસ્તારમાં આવેલા પરિવર્તન વિશેની માહિતી મેળવવામાં આવી છે.

મુખ્ય શબ્દો: જમ્મુ કાશ્મીર, કલમ 370, આર્થિક વિકાસ

**પ્રસ્તાવના**

ભારત સરકારે આર્ટિકલ્સ 370 જે કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી હતી તે 5 ઓગસ્ટ 2019 ના રોજ બંધારણીય સુધારા દ્વારા રદ કરી. બંધારણની કલમ 370 જે કાશ્મીરને વિશેષ દરજ્જો આપે છે તે 1954 ના બંધારણના આદેશની રદ કરે છે. 370 કલમ રદ થવાથી જમ્મુ અને કાશ્મીરનું બંધારણીય તથા કાયદાકીય રીતે ભારતમાં વિલીનીકરણ થયું છે. જમ્મુ કાશ્મીરની કલમ 370 નાબુદ થવાથી અન્ય રાજ્યના લોકો હવે જમ્મુ કાશ્મીરમાં જમીનની ખરીદી કરી શકશે. પરિણામે ખાનગી વ્યક્તિઓ અને બહુરાષ્ટ્રી કંપનીઓ મૂડી રોકાણ કરી શકશે. પરિણામે સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે એવી અપેક્ષા રાખવામાં આવી હતી. 370 કલમ જ્યારે અસ્તિત્વમાં હતી ત્યારે બહારના રાજ્યના લોકો વ્યાપાર કરી શકતા ન હતા કે જમીનની ખરીદી કરી શકતા ન હતા. આર્થિક સ્પર્ધાની ગેરહાજરીને લીધે વિકાસ અવરોધાતો હતો. પર્યટન સહિતના કોઈપણ ઉદ્યોગોને ત્યાં વિકાસની મંજૂરી ન હતી. 370 મી કલમ એ કાશ્મીર મુદ્દાનું અંતિમ નિરાકરણ ન આવે ત્યાં સુધીની વચગાળાની વ્યવસ્થા છે જેને ભારતીય બંધારણ લાગુ પડતું ન હતું. તે જમ્મુ કાશ્મીરને સ્વતંત્ર રાજ્યનો દરજ્જો પ્રદાન કરે છે તથા તેના કાયમી રહેવાસીઓને કેટલાક વિશેષ અધિકારો આપે છે. રાજ્યનું નામ અને સીમાઓ તેમની વિધાનસભાની મંજૂરી વિના બદલી શકાતું ન હતું. રાજ્યને પોતાનું એક અલગ બંધારણ, રાષ્ટ્રધ્વજ તથા દંડસહિતા લાગુ પડતી હતી. રાજ્યની વિધાનસભાનો સમયગાળો છ વર્ષનો હતો. જ્યારે બાકીના રાજ્યમાં વિધાનસભાનો સમય ગાળો પાંચ વર્ષનો હતો. ભારતીય સંસદ માત્ર સરક્ષણ, વિદેશી બાબતો તથા સંદેશા વ્યવહારની બાબતોમાં જમ્મુ કાશ્મીરને લગતા કાયદાઓ પસાર કરવાનો અધિકાર ધરાવતી હતી.

કલમ 35A એ કલમ 370 નું વિસ્તૃતિકરણ છે. જે જમ્મુ કાશ્મીરની વિધાનસભાને રાજ્યના કાયમી રહેવાસીઓને તેના વિશેષ અધિકારો પ્રદાન કરવાની સત્તા આપે છે અને અન્ય રાજ્યોના રહેવાસીઓને કામ કરવાની તથા મિલકતના અધિકારો આપવાની મંજૂરી આપતું નથી. જમ્મુ કાશ્મીરનો  વિશેષ દરજ્જો નાબૂદ કરવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરને વિધાનસભા મંડળ સાથે તથા લદાખને વિધાન મંડળ વિના એમ બે અલગ અલગ રીતે વિભાજિત કરવામાં આવ્યું છે. હવે દેશનું બંધારણ જમ્મુ કાશ્મીરને પણ લાગુ પડશે તથા દેશનો રાષ્ટ્રધ્વજ અને આચારસંહિતા પણ આ રાજ્યમાં લાગુ થશે.

**કલમ 370 અને 35A શું છે?**

1947 માં ભારતની આઝાદી સમયે દેશ હિન્દુસ્તાન અને પાકિસ્તાન એમ બે વિભાગમાં વહેંચાયો હતો. આ સમયે જમ્મુ કાશ્મીરના શાસક હરિસિંહ સ્વતંત્ર રહેવાની ઈચ્છા ધરાવતા હતા. પરંતુ પાકિસ્તાનના આક્રમણ બાદ તથા અમુક વિસ્તારમાં પાકિસ્તાનનો કબજો મેળવ્યા બાદ ત્યાંના રાજા હરિસિંહે ભારત સરકાર પાસે મદદની વિનંતી કરી. જમ્મુ કાશ્મીરના રજવાડાના શાસક મહારાજા હરીસિંહે 26 ઓક્ટોબર 1947ના રોજ ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ એક્શન પર હસ્તાક્ષર કર્યા. ત્યારપછી આ રાજ્ય ભારતના આધિપત્યનો હિસ્સો બની ગયું. 1950 ના બંધારણીય જોગવાઈ મુજબ કેન્દ્રીય સંસદને જમ્મુ કશ્મીર માટે ભારતમાં વિલય કરવાની સત્તા આપવામાં આવી હતી. કલમ 370 ઓક્ટોબર 17 ના ઘડવામાં આવી હતી. કલમ 370 નાબૂદ થયા પછી કેન્દ્ર સરકારને કાયદાનો અમલ કરવા રાજ્ય સરકારની પરવાનગીની જરૂર રહેશે નહીં. જમ્મુ કાશ્મીરને વિશેષ દરજ્જો રદ થવાથી હવે તેને ભારતનું બંધારણ, ધ્વજ કે રાષ્ટ્રગીત તેમજ સંહિતા લાગુ પડશે. હવે બેવડી નાગરિકતા પણ નથી. જમ્મુ કાશ્મીર હવે સંસદ દ્વારા પસાર કરાયેલા તમામ કાયદાનું પાલન કરશે.

**અભ્યાસના ઉદ્દેશ્યો**

1. આર્ટીકલ્સ 370 નાબૂદ થયા બાદ આ વિસ્તારમાં આવેલા આર્થિક પરિવર્તનની જાણકારી મેળવવી.
2. આર્ટીકલ 370 ની નાબૂદી બાદ ભવિષ્યના વિકાસ કાર્યો અંગે લોકોના અભિપ્રાયો જાણવા.
3. આર્ટીકલ્સ 370 નો ઇતિહાસ તપાસવો.

**અભ્યાસ પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રાથમિક અને ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રાથમિક માહિતી જમ્મુ કાશ્મીરના સામ્બા જિલ્લામાંથી મેળવવામાં આવી છે. જેમાં તેઓની પ્રાથમિક માહિતી, આર્ટિકલ્સ 370 અંગેના તેમના અભિપ્રાયો તથા આર્ટીકલ્સ 370ની નાબુદી બાદ થયેલા વિકાસના કાર્યો અંગેની માહિતી મેળવવામાં આવી છે.  જ્યારે ગૌણ માહિતી માટે વિવિધ સંશોધન પેપરો તથા વેબસાઈટ પરની માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે.

**અભ્યાસનું મહત્વ**

જમ્મુ કાશ્મીર ને વિશેષ દરજ્જો આપતી કલમ 370 સરકાર દ્વારા રદ કરવામાં આવી. આ સમયે એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે આ કલમની નાબુદીથી વિકાસના કાર્યોને વધુ વેગ મળશે. કલમ 370 ની નાબુદીને આજે લગભગ ત્રણ વર્ષ થયા છે. ત્યારે ત્રણ વર્ષમાં થયેલા વિકાસના કાર્યો અંગેની જાણકારી ભવિષ્યના વિકાસને પાયો પૂરો પાડશે. ઉપરાંત સંશોધકો તેમજ નીતિનું ઘડતર કરનારાઓ માટે માર્ગદર્શન પૂરું પાડશે. આ વિસ્તારમાં થયેલા વિકાસના કાર્યો તથા વિકાસના કાર્યો અંગેની લોકોની અપેક્ષા વચ્ચેનો તફાવત પણ જાણી શકાશે.

કલમ 370 નો ઈતિહાસ

જમ્મુ અને કાશ્મીર હંમેશા ભારત અને પાકિસ્તાન માટે ચર્ચાસ્પદ મુદ્દો રહ્યો છે. 2011ના સેન્સર્સ પ્રમાણે ભારતની કુલ વસ્તીના 1.04 ટકા લોકો જમ્મુ અને કાશ્મીરમાં રહે છે. 1947માં સ્વતંત્રતા બાદ ભારત અને પાકિસ્તાનનું વિભાજન થયું ત્યારે લગભગ 560

રજવાડાઓ અસ્તિત્વમાં હતા. જેમાંનું જમ્મુ અને કાશ્મીર પણ એક હતું. જમ્મુ કાશ્મીરના રાજા હરિસિંહ સ્વતંત્ર રહેવાની ઈચ્છા ધરાવતા હતા. પરંતુ પાકિસ્તાને તેના લશ્કર દ્વારા જમ્મુ કાશ્મીર પર હુમલો કર્યો તે સમયે તેના શાસક પોતાના વિસ્તારનું રક્ષણ કરવામાં નિષ્ફળ રહ્યા. તેમણે ભારત સમક્ષ મદદ માટે માંગણી કરી. આ સમયે એ શરતે હરીસિંહને મદદ કરવા તૈયાર થયા કે તેમનું ભારતમાં વેલનીકરણ થવાના દસ્તાવેજ પર સહી કરે. આ સાથે હરિસિંહે તે દસ્તાવેજમાં સહી કરી. આ પ્રશ્ન 5 ઓગસ્ટ 2019 સુધી વણઉકેલ્યો રહ્યો હતો. બીજી નવેમ્બર 1947 ના રોજ ભારત અને કાશ્મીર વચ્ચેના કરાર બાદ તે સમયના પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નેહરૂ એ જાહેર કર્યું કે કાશ્મીરના ભવિષ્યનો નિર્ણય લોકમત દ્વારા કરવામાં આવશે. ત્યારથી કાશ્મીર પર ક્યારેય લોકમત લાગુ કરવામાં આવ્યો નથી. ભારત સરકાર દ્વારા આપવામાં આવેલા એક અસ્પષ્ટ વચન બની ગયું હતું. આ ઘટના બાદ કાશ્મીરના લોકોને સામાન્ય અને સ્થાનિક ચૂંટણીમાં મતદાન માટેના અધિકારો અને રક્ષણ પ્રાપ્ત થયા પરિણામે લોકમત ની જરૂર ન હતી. જ્યારે પાકિસ્તાન હંમેશા લોકોને તેમના અધિકારો માટે ઉશ્કેરતા તથા લોકમતની માગણી કરતુ આવ્યું છે.

26 ઓક્ટોબર 1947 થી જમ્મુ અને કાશ્મીર રજવાડાઓનું ભારતમાં વિલનીકરણ થયું. તે સમયે ભારતીય બંધારણની કલમ 370 ને અસ્થાયી જોગવાઈ તરીકે અપનાવવામાં આવી હતી. જે જમ્મુ અને કાશ્મીર રાજ્યને ભારતીય સંઘમાં એક વિશેષ સ્વાયત દરજ્જો આપે છે. બંધારણની કલમ 370(3) હેઠળ કેન્દ્રીય સંસદ રાજ્ય માટે સંરક્ષણ, વિદેશી બાબતો વગેરે માટે રાજ્ય સાથે પરામર્શ કરીને કાયદો બનાવી શકે છે. તેમ જ રાષ્ટ્રપતિ ના આદેશ દ્વારા રાજ્ય સરકારની સંમતિ સાથે સાથે જમ્મુ અને કાશ્મીરને લાગુ થઈ શકે છે. કલમ 370 ને પરિણામે જમ્મુ અને કાશ્મીરે પોતાનું બંધારણ કર્યું, જેને 17 નવેમ્બર 1956 ના રોજ બંધારણ સભા દ્વારા ઔપચારિક રૂપથી અપનાવવામાં આવ્યું તથા 26 જાન્યુઆરી 1957 ના રોજ તેનો અમલ કરવામાં આવ્યો. જો કે તાજેતરના વિકાસના હેતુઓ માટે આર્ટિકલ 370 (3) એ સૌથી મહત્વનો ભાગ છે જે ભારતના રાષ્ટ્રપતિને જાહેર સૂચના દ્વારા કલમ 370 માં સુધારો કરવા અથવા રદ કરવાની સત્તા આપે છે.

જુલાઈ 1955 માં ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને કાશ્મીરના વડાપ્રધાન શેખ અબ્દુલ્લા વચ્ચે નાગરિકતા કાનૂની લાગુ કરવા અંગેનો કરાર કરવામાં આવ્યો. જે જમ્મુ કાશ્મીરના રહેવાસીઓના વિશેષ અધિકારો નું નિયમન કરે છે. જે 1954માંના બંધારણના અનુચ્છેદ 370(1) ના આધારે કરવામાં આવેલ હતો. જેમાં ભારતીય બંધારણના અનુચ્છેદ 35A નો ઉમેરો કર્યો. જે કાશ્મીરના કાયમી રહેવાસીઓને કેટલાક વિશેષ અધિકારો આપે છે. 35A કલમ કાયમી રહેવાસીઓના અધિકારોનો રક્ષણ કરે છે. બંધારણમાં તેની જોગવાઈ હોવા છતાં આ કાયદાનો અમલ આજ સુધી થયો નથી તથા ત્યારબાદ રાજ્યની વિધાનસભા દ્વારા કોઈ કાયદો પણ ઘડવામાં આવ્યો નથી.

સાહિત્ય સમીક્ષા

1. Bilai Ahemad (2019) એ ‘ A study on jammu and kashmir present , past and views of students on articles 370 abrogation’. તેમના અભ્યાસ મુજબ આ પેપર 1987 દરમિયાન થયેલ રાજ્યની ચૂંટણી દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવતા વિવિધ સમસ્યા પર પ્રકાશ ફેંકે છે. આ પેપર મુજબ ચૂંટણી દરમિયાન સશસ્ત્ર સંઘર્ષને લીધે લગભગ 1 લાખ લોકો માર્યા ગયા હતા. આ પેપરમાં રજૂ કરવામાં આવ્યું છે કે હિંસા ની સૌથી વધુ ઘટના ૧૯૯૫માં અને સૌથી ઓછી ઘટના 2003 માં નોંધાઈ હતી. અહીં કલમ 370 ની નાબૂતી બાદની અસરની તપાસવા કાશ્મીર ખીણમાંથી 400 વિદ્યાર્થીઓના નમુનાઓ લેવામાં આવ્યા હતા. આ અભ્યાસના તારણ મુજબ મોટાભાગના ઉત્તરદાતાઓ માનતા હતા કે 370 ની નાબુદીદીથી ભારત સરકાર અને કાશ્મીરના લોકો વચ્ચેના મતભેદ વધશે. લોકો પોતાના સ્વાર્થ માટે રાજકારણમાં બેવડી ભૂમિકા નિભાવે છે અને કાશ્મીરની છબી ને ખરાબ કરે છે. કાશ્મીરમાં થતી હિંસા મુખ્યત્વે વિદ્યાર્થીઓના અભ્યાસ પર વિપરીત અસર ઊભી કરે છે. પરિણામે અધવચ્ચેથી શાળા છોડનારા વિદ્યાર્થીઓનું પ્રમાણ વધતું જોવા મળે છે.

2. Dr. Radha and Dr. Surender (2020) study on 'abrogation of article 370 of the indian Consttution: an analytical study" તેમના અભ્યાસમાં આર્ટિકલ 370ની નાબુદીનું કાનૂની રીતે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની જવાબદારીઓ 370 કલમના જટિલ મુદ્દાઓ, બંધારણીય રીતે સમસ્યાનો ઉકેલ, જમીન સંબંધી તથા અન્ય અધિકારો વગેરેનું બારીકાઈથી વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસના તારણ મુજબ ભારતીય બંધારણની રચના આર્ટીકલ્સ 370(2) મુજબ જમ્મુ કાશ્મીરને બંધારણની રચના કરવાની છૂટ આપે છે છતાં નૈતિક અને રાજકીય રીતે સમગ્ર ભારતનું બંધારણ એક હોવું જોઈએ તેવી કાયદાકીય માંગ છે.

3. Sumira imtiyaz (2021) study on " Progress made so far a situation analysis of Jammu and kashmir pre and post removal of article 270", તેમના મત મુજબ આર્ટીકલ્સ 370 જમ્મુ કાશ્મીરને અલગ દરજ્જો આપવામાં આવ્યો છે. તેનું બંધારણ તથા રાષ્ટ્રધ્વજ પણ અલગ રાખવાની સત્તા આપવામાં આવી હતી. આ રચના અસ્થાયી રીતે રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ આર્ટીકલ્સ 370 સરકાર પોતે પણ નાબૂદ કરી શકે તેવા સંજોગોમાં ભારતીય બંધારણ આ રાજ્યને લાગુ પડી શકે તેવી જોગવાઈ કરવામાં આવી હતી. જેના આધારે 1954માં રાષ્ટ્રપતિ હુકમ જારી કરવામાં આવ્યો હતો. પરંતુ રાજ્ય વિધાનસભાએ 370 કલમ નાબુદ કર્યા વિના જ વિધાનસભાનું વિસર્જન કર્યું. ત્યારથી આ કલમ ભારતીય બંધારણની કાયમી વિશેષતા બની ગઈ તેવું માનવામાં આવે છે. આથી ભારત સરકારે 5 ઓગસ્ટ 2019 માં ના 1954 ના આદેશને સ્થાનાંતરિત કરતો રાષ્ટ્રપતિનો આદેશ જ્યારે કર્યો હતો અને જમ્મુ કાશ્મીરને ભારતીય બંધારણની તમામ જોગવાઈઓ લાગુ કરતો આદેશ બહાર પાડ્યો હતો.

**પ્રાથમિક માહિતીના તારણો**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં આર્ટીકલ 370ની નાબુદી બાદ જમ્મુ કાશ્મીરના સામ્બા વિસ્તારનું આર્થિક વિશ્લેષણ રજૂ કરે છે. આ વિસ્તારમાં રહેતા લોકો પાસેથી આર્થિક વિકાસના સંદર્ભમાં તેના અભિપ્રાયો લેવામાં આવ્યા છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રાપ્ત થયેલી પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ ત્રણ વિભાગમાં કરવામાં આવ્યું છે. પ્રથમ વિભાગમાં ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી જેવી કે ઉંમર, શિક્ષણનું પ્રમાણ, જાતિ વગેરેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જ્યારે બીજા વિભાગમાં કલમ 370 ની નાબૂદી બાદ ભવિષ્યના વિકાસ અંગે લોકોની અપેક્ષાઓ જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જ્યારે ત્રીજા વિભાગમાં કલમ 370ની નાબૂદીના ત્રણ વર્ષ બાદ વિકાસના કાર્યો થયા છે કે નહિ એ અંગેની માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે.

આ સંશોધન અભ્યાસ કલમ 370ની નાબૂદી બાદ આ વિસ્તારમાં થયેલ આર્થિક વિકાસનું વિશ્લેષણ કરે છે તથા ભવિષ્યના આર્થિક વિકાસ અંગેની લોકોની અપેક્ષાઓ પણ તપાસે છે.

**A. ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી**

પ્રાથમિક માહિતીમાં ઉત્તરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ, ઉંમર, જાતિ વગેરેને લગતી માહિતી મેળવવામાં આવી છે

**1. ઉંમર**

ટેબલ:**1**

| ઉંમર | ઉત્તરદાતાઓની સંખ્યા |
|---|---|
| 20 વર્ષથી નીચે | 19(31.7%) |
| 21 થી 40 વર્ષ | 36(60%) |
| 41 થી 60 વર્ષ | 5(8.3%) |
| 60 વર્ષથી ઉપર | 0 |

ઉંમર વધવાની સાથે વ્યક્તિમાં પરિપક્વતા આવે છે તથા તેને આધારે પરિસ્થિતિનું મૂલ્યાંકન યોગ્ય પરિણામ તરફ દોરી જાય છે. આ સંશોધન અભ્યાસમાં પ્રાપ્ત થયેલ માહિતી મુજબ 20 વર્ષ કરતા ઓછી ઉંમર ધરાવતા ઉત્તરદાતાઓની સંખ્યા 19(31.7%) જોવા મળે છે. 36(60%) ઉત્તરદાતાઓ 21 થી 40 વર્ષ વચ્ચેની ઉંમર ધરાવતા હતા. 5(8.3%)

ઉત્તરદાતાઓ 41 થી 60 વર્ષ વચ્ચેની ઉંમર ધરાવતા હતા. ઉપરાંત 60 વર્ષ કરતા વધુ ઉંમર ધરાવતા ઉત્તરદાતાઓ શૂન્ય જોવા મળ્યા હતા

**2. શિક્ષણનું પ્રમાણ**

ટેબલ: **2**

| શિક્ષણનું સ્તર | ઉત્તરદાતાઓની સંખ્યા |
|---|---|
| અભણ | 1(1.7%) |
| પ્રાથમિક | 7(11.7%) |
| માધ્યમિક | 27(4$%) |
| ઉચ્ચ શિક્ષણ | 21(35%) |
| અન્ય | 4(6.7%) |

વ્યક્તિમાં શિક્ષણનું પ્રમાણ તેની વિચારવાની શક્તિમાં બદલાવ લાવે છે. પરિસ્થિતિનું આકલન અને મૂલ્યાંકન કરવામાં શિક્ષણનું સ્તર મહત્વનું છે. આ અભ્યાસમાં લેવામાં આવેલા ઉત્તરદાતાઓના નમૂનાઓમાં 1(1.7%) ઉતારતાતાઓ અભણ જણાયા હતા. 7(11.7%) વ્યક્તિઓએ પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ હતું. જ્યારે 27(4$%) ઉત્તરદાતાઓએ સેકન્ડરી તથા 21(35%) ઉત્તરદાતાઓ એ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરેલ હતું. ઉપરાંત અન્ય શિક્ષણ પ્રાપ્ત કરેલ ઉતરતાઓનું પ્રમાણ 4(6.7%) જણાયું હતું.

**3. જાતિ**

ટેબલ:**3**


| જાતિ | ઉત્તરદાતાઓની સંખ્યા |
|---|---|
| પુરૂષ | 42(70%) |
| સ્ત્રી | 18(30%) |

પ્રસ્તુત અભ્યાસમાં આર્ટીકલ્સ 370ની નાબુદી બાદ આર્થિક વિકાસ અંગે વ્યક્તિગત અભિપ્રાયો હાથ ધરવામાં આવ્યા તેમાં સ્ત્રી ઉત્તરદાતાઓનું પ્રમાણ 18(30%)અને પુરૂષો ઉત્તરદાતાઓની સંખ્યા 42(70%) જોવા મળેલ હતી.

**B. કલમ 370ની નાબૂદી બાદ ભવિષ્યના વિકાસ અંગે લોકોની અપેક્ષાઓ**

1. ભવિષ્યમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે કે નહીં?

Graph**: 1**




પ્રસ્તુત સંશોધન અભ્યાસ કલમ 370ની નાબૂદી બાદની આર્થિક પરિસ્થિતિનું વિશ્લેષણ કરે છે. તેના અનુસંધાને ભવિષ્યમાં સરકારી તથા ખાનગી મૂડીરોકાણ વધવા અંગે અહીંના લોકોના મંતવ્યો જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જેમાં 45(75%)


ઉત્તરદાતાઓ ભવિષ્યમાં આ વિસ્તારમાં ખાનગી અને સરકારી મૂડી રોકાણ વધવાની અપેક્ષા રજૂ કરે છે. જ્યારે 15(25%) ટકા ઉત્તરદાતાઓ માને છે કે ભવિષ્યમાં આ વિસ્તારમાં મૂડીરોકાણ વધવાની સંભાવના જણાતી નથી.

2. ભવિષ્યમાં જમીનની કિંમત વધવાની અપેક્ષા ધરાવો છો?

ટેબલ:**4**

| ભવિષ્યમાં જમીનની કિંમત વધવાની અપેક્ષા ધરાવો છો? | ઉત્તરદાતાઓની સંખ્યા |
|---|---|
| હા | 60(100%) |
| ના | 0 |

Graph**: 2**





કલમ 370 ની નાબુદી બાદ હવે જમ્મુ- કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બંધારણીય રીતે બની ગયું છે. અન્ય રાજ્યોની જેમ આ રાજ્યને ભારતનું બંધારણ લાગુ પડે છે. અન્ય રાજ્યના લોકો અહીં પોતાની જમીન ખરીદી શકે છે તથા મૂડીરોકાણ કરી ધંધા ઉદ્યોગની સ્થાપના કરી શકે છે. મૂડીરોકાણ તથા ઉત્પાદન પ્રક્રિયા માટે ઉત્પાદનના સાધનોની જરૂર પડે છે. જેમાં જમીન ખૂબ જ મહત્વનું ઉત્પાદન સાધન છે. જે વિસ્તારમાં જમીનની માંગ વધે છે ત્યાં જમીનના ભાવો પણ વધવાની શક્યતા રહે છે. આ વિસ્તારના લોકો કલમ 370ની નાબુદી બાદ જમીનના ભાવમાં પરિવર્તન થવા અંગે શા મંતવ્યો ધરાવે છે તે જાણવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો તેના અનુસંધાને 60(100%) ઉતરતાઓ માને છે કે આના લીધે રાજ્યના લોકો અન્ય રાજ્યના લોકો જમીનની ખરીદી કરશે પરિણામે ભવિષ્યમાં જમીનના ભાવો વધશે. જે આર્થિક વિકાસને પણ વેગ આપશે. જ્યારે શૂન્ય ઉત્તરદાતાઓ ભવિષ્યમાં જમીનના ભાવો વધવાની સંભાવનાને નકારે છે.

3. કલમ 370 આર્થિક વિકાસ માટે અવરોધક હતી તેમ તમે માનો છો?

કલમ 370 એ આર્થિક વિકાસ માટે અવરોધક હતી કે નહીં તે અંગેની માહિતી ઉત્તરદાતાઓ પાસેથી મેળવવામાં આવી છે જેના પ્રત્યેતર રૂપે 40(66.7%)ઉત્તરદાતાઓ કલમ 370 ની આર્થિક વિકાસ માટે અવરોધક માનતા હતા. જ્યારે 20(33.3%) ઉત્તરદાતાઓના મત મુજબ કલમ 370 આર્થિક વિકાસ માટે અવરોધક ન હતી.

Graph**: 3**



ટેબલ:**5**

| ભાવિ આર્થિકવૃદ્ધિ વિશે અપેક્ષા | ઉત્તરદાતાઓની સંખ્યા |
|---|---|
| વધારો | 15(25%) |
| ઘટાડો | 6(10%) |
| કશું કહી શકાય નહિ | 39(65%) |

4. ભવિષ્યના આર્થિક વિકાસ અંગે તમારી સંભાવનાઓ

આર્થિક વિકાસ અંગે અહીંના લોકો પાસેથી ભવિષ્યની ધારણા શું છે તે અંગેનો પ્રશ્ન પૂછવામાં આવ્યો. જેના અનુસંધાને 15(25%) ઉત્તરદાતાઓ ભવિષ્યમાં આર્થિક વિકાસ વધવાની સંભાવના રજૂ કરે છે. 6(10%) ઉત્તરદાતાઓ ભવિષ્યમાં વિકાસ દર ઘટવાની અપેક્ષા ધરાવે છે. જ્યારે 39(65%) ઉત્તરદાતાઓ આર્થિક વિકાસ અંગે પોતાનો અભિપ્રાય આપવા સક્ષમ જણાયા ન હતા.


C. કલમ 370ની નાબૂદી બાદનો આર્થિક વિકાસ

1. આર્ટીકલ્સ 370 અંગે જાણો છો?

ટેબલ:**6**

| કલમ 370 અંગે જાણકારી | ઉત્તરદાતાઓની સંખ્યા |
|---|---|
| હા | 60(100%) |
| ના | 0 |


Graph**: 4**




જમ્મુ કાશ્મીર ની કલમ 370 અંગેની માહિતી છે કે નહીં એવો ઉત્તરદાતાઓને પ્રશ્ન પૂછવામાં આવ્યો તેના અનુસંધાનમાં જાણવા મળ્યું કે 60(100%) ઉત્તરદાતાઓ તે અંગેની માહિતી ધરાવતા હતા. જ્યારે શૂન્ય ઉત્તરદાતાઓ ને કલમ 370 અંગે કશે જ માહિતી ન હતી.

2. સરકારે કલમ 370 નાબુદી નાબૂદ કરી છે તે તમે જાણો છો

ઉત્તરદાતાઓ પાસેથી પ્રાપ્ત કરવામાં આવેલ માહિતીમાં તેમને પ્રશ્ન પૂછવામાં આવ્યું કે સરકારે કલમ 370 રદ કરી છે તે તમે જાણો છો તેના પ્રત્યુતર રૂપે જાણવા મળ્યું કે 6(10%) ઉત્તરદાતાઓ તે અંગેની માહિતી ધરાવતા ન હતા. જ્યારે54(90%) ઉત્તરદાતાઓ તે અંગેની માહિતી ધરાવતા હતા. અહીં આ માહિતીનું વિશ્લેષણ આગળના પ્રશ્નના ઉત્તરના અનુસંધાને કહી શકાય કે જે વ્યક્તિઓને કલમ 370 અંગે માહિતી જ નથી તેઓ આ કલમની નાબુદી અંગે પણ જાણકારી ધરાવતા નથી. તેમ જ આ ઉત્તરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ બિલકુલ ઓછું હોઈ શકે અથવા તેઓ નિરક્ષર હોઈ શકે તેમ માની શકાય.





Graph**: 5**

3. તમારો મુખ્ય વ્યવસાય શો છે?

ટેબલ:**7**

| મુખ્ય વ્યવસાય | ઉત્તરદાતાઓની સંખ્યા |
|---|---|
| પ્રવાસન | 13(21.7%) |
| કૃષિ | 18(30%) |
| ઉદ્યોગ | 22(36.7%) |
| અન્ય | 7(11.7%) |

Graph**: 6**




પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં આ વિસ્તારના લોકોના મુખ્ય વ્યવસાય અંગેની માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં 13(21.7%) ઉત્તરદાતાઓ પ્રવાસન પ્રવૃત્તિ દ્વારા પોતાની આજીવિકા ચલાવતા જણાયા હતા. 18(30%) ઉત્તરદાતાઓ પોતાના કુટુંબના જીવન ધોરણ માટે ખેતીક્ષેત્ર પર નિર્ભર હતા. ધંધા ઉદ્યોગ પર આજીવિકા ચલાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 22(36.7%) જણાયું હતું. જ્યારે અન્ય વ્યવસાય માંથી આર્થિક ઉપાર્જન કરતા ઉત્તરદાતાઓની સંખ્યા 7(11.7%) જોવા મળેલ હતી.

જમ્મુ કાશ્મીર તેના કુદરતી સૌંદર્યની દ્રષ્ટિએ આકર્ષણનું કેન્દ્ર હંમેશા રહ્યું છે. અન્ય રાજ્યોની સરખામણીમાં અહીં આતંકવાદી પ્રવૃત્તિઓનું પ્રમાણ વધુ હોવા છતાં કુદરતી સૌંદર્યને માણવા લોકો દૂર દૂરથી આવે છે. અહીં પ્રવાસન ઉદ્યોગનો સારા એવા પ્રમાણમાં વિકાસ થયો છે. આ અભ્યાસમાં પ્રાપ્ત થયેલ માહિતી મુજબ સૌથી વધુ પ્રમાણમાં ઉત્તરદાતાઓ પ્રવાસન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા જણાયા હતા.

4. કલમ 370 ની નાબૂદી બાદ થયેલા આર્થિક વિકાસ અંગેના તમારા મંતવ્યો જણાવો સહમત કે અસહમત

ટેબલ:**8**

| અનુચ્છેદ 370 હટાવ્યા પછી વિકાસ પર અભિપ્રાય | સંમત | અસંમત |
|---|---|---|
| આ વિસ્તારનો આર્થિક વિકાસ થયો છે | 46(76.67%) | 14(23.33%) |
| આ વિસ્તારમાં રોજગારીની તકો વધી છે | 40(66.7%) | 20(33.3%) |
| આતંકવાદી પ્રવૃત્તિમાં ઘટાડો થયો છે | 40(66.7%) | 20(33.3%) |
| લોકો સરળતાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી જઈ શકે છે | 44(73.33%) | 16(26.67%) |
| કલમ 370 હટાવ્યા પછી સામાજિક-આર્થિક ફેરફારો થયા | 43(71.67%) | 17(28.33%) |

કલમ 370 ની નાબૂદીને ત્રણ વર્ષ પુરા થયા છે. આ કલમની નાબૂદી સાથે એવી સંભાવના રજૂ કરવામાં આવી હતી કે આ વિસ્તારનો આર્થિક વિકાસ દર વધશે. આ સંશોધન અભ્યાસમાં કલમ 370 ની નાબૂદી બાદ ત્રણ વર્ષમાં આર્થિક વિકાસને ખરેખર વેગ મળ્યો છે કે નહીં તે અંગેની જાણકારી મેળવવામાં આવી છે તથા લોકોના અભિપ્રાયો જાણવામાં આવ્યા છે. આ અનુસંધાનમાં જાણવા મળ્યું કે 46(76.67%) ઉત્તરદાતાઓ જણાવે છે કે છેલ્લા ત્રણ વર્ષના આર્થિક વિકાસના કાર્યો હાથ ધરાયા છે. જ્યારે

14(23.33%) ઉતરદાતાઓ આ અંગે અસમતી દર્શાવે છે તેમના મત મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં આર્થિક વિકાસની કામગીરીને વેગ મળ્યો નથી.

છેલ્લા ત્રણ વર્ષમાં રોજગારીની તકો આ વિસ્તારમાં ઉપલબ્ધ બને છે કે નહીં તેના પ્રત્યુતર રૂપે 20(33.3%)ઉતરદાતાઓના મત મુજબ કલમ 370 ની નાબુદી બાદ આ વિસ્તારમાં રોજગારીની તકોમાં વધારો થયો નથી જ્યારે 40(66.7%) ઉતરદાતાઓ જણાવે છે કે રોજગારીની તકોમાં વધારો થયો છે..

આઝાદી બાદથી જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓ જોવા મળે છે. પરંતુ કલમ 370 ની નાબુદી બાદ આ પ્રવૃત્તિમાં ઘટાડો થયો છે કે નહીં તે અહીં જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેના ભાગરૂપે 40(66.7%) ઉતરદાતાઓ  જણાવે છે કે છેલ્લા ત્રણ વર્ષમાં આતંકવાદી પ્રવૃત્તિ ઘટી છે જ્યારે 20(33.3%) ઉતરદાતાઓના મત મુજબ આતંકવાદી પ્રવૃત્તિમાં કોઈ ઘટાડો થયો નથી. આ વિસ્તારમાં આતંકવાદી પ્રવૃત્તિને લીધે લોકો સહેલાઈથી એક સ્થળેથી બીજા સ્થળે હેરફેર કરી શકતા ન હતા. પરંતુ કલમ 370 ની નાબુદી બાદ એના લોકો સરળતાથી એક સ્થળેથી બીજા સ્થળે જઈ શકે છે તેમ 44(73.33%) ઉતરદાતાઓ માને છે અહીં આતંકવાદી પ્રવૃત્તિમાં ઘટાડો થવાથી લોકોની મૂક્તા અવરજવર શક્ય બને છે તેમ આ અભ્યાસ દ્વારા જાણવા મળે છે.

કલમ 370 ની જ નાબૂદી બાદ આર્થિક સામાજિક પરિવર્તનની સંભાવના રજૂ કરવામાં આવી હતી. પરંતુ કલમ 370 ની નાબૂદી બાદ આર્થિક સામાજિક પરિવર્તન વિશેષ રૂપમાં શક્ય બન્યું નથી તેમ 17(28.33%) ઉતરદાતાઓ માને છે. જ્યારે 43(71.67%) ઉતરદાતાઓના મત મુજબ આર્થિક સામાજિક પરિવર્તન શક્ય બન્યું છે.

**અભ્યાસની મર્યાદા**

આ સંશોધન અભ્યાસ હેઠળ સામ્બા વિસ્તારના લોકોના અભિપ્રાયો કલમ 370 તથા વિકાસના કાર્યો અંગે પ્રાપ્ત કરવામાં આવ્યા .છે આ અભ્યાસના તારણો ઉતરદાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ પ્રશ્નોના ઉત્તર પર આધારિત છે. અન્ય વિસ્તારના લોકોના અભિપ્રાયો આનાથી અલગ પણ હોઈ શકે.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં જમ્મુ કાશ્મીર રાજ્યના સાંબા વિસ્તારમાંથી આર્ટીકલ 370 ની નાબુદી બાદ આર્થિક વિકાસ અંગેના અભિપ્રયોગ મેળવવામાં આવ્યા છે જેના ભાગરૂપે ઉત્તરદાતાઓના મંતવ્યને આધારે એ તારણ મેળવી શકાય કે 370 ની નાબુદી બાદ આતંકવાદી પ્રવૃત્તિમાં ઘટાડો ચોક્કસપણે થયો છે તથા વિકાસની કામગીરી ધીમી ગતિએ આગળ વધે છે ઉત્તરદાતાઓ આ વિસ્તારમાં આવેલા આર્થિક પરિવર્તનને લીધે ભવિષ્યમાં મૂડી રોકાણ તથા આર્થિક વિકાસ વધવાની સંભાવના રજૂ કરે છે

સંદર્ભ સાહિત્ય-


1. Aamin Hussain, Sheikh, Abrogation of Article 370 and its Consequences:- An Analytical Study (December 5, 2020). International Journal of Creative Research Thoughts, ISSN: 2320-2882, Vol. 9, Issue 4, 1505-1510, April 2021., Available at SSRN: https://ssrn.com/abstract=3840782
2. Ahmad, Bilal. (2019). A Study on Jammu and Kashmir Present, Past and Views of Students on Article 370 Abrogation. https://www.researchgate.net/publication/338188427_A_Study_on_Jammu_and_Kashmir_Present_Past_and_Views_of_Students_on_Article_370_Abrogation
3. Imtiyaz, Sumira, Progress Made So Far: A Situation Analysis of Jammu and Kashmir Pre and Post Removal of Article 370 (March 18, 2021). Available at SSRN: https://ssrn.com/abstract=3807274 or http://dx.doi.org/10.2139/ssrn.3807274
4. Neha (2020). Abrogation of Article 370 Of The Indian Constitution: An Analytical Study, International Journal of Creative Research Thoughts (ICRT). | Volume 8, Issue 8 August 2020 | ISSN: 2320-2882.
5. Aitya Shukia (2020),Article 370 An Advantage or a Disadvantage. https://www.academia.edu/31532845/Article_370_research_paper